**–:: નમુનો–અ ::–**

# મહે. કલ્યાણપુરના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની કોર્ટ, જી. દેવભુમિદ્વારકા.

## ચુકાદાની તા.૧૭ / ૦૪ /૨૦૨૬

## ફોજદારી કેસ નં.૩૪૬ / ૨૦૨૫ આંક–૪૦

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | બી.એન.એસ. કલમ–૧૧૫(૨),૧૧૮(૧), ૩૫૨,૫૪ તથા જી.પી. એકટ ની કલમ–૧૩૫(૧) મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | પાર્ટ–એ ગુ.ર.નં. ૧૧૧૮૫૦૦૩૨૪૧ ૩૩૧/ ૨૦૨૪ |
| પોલીસ સ્ટેશન | કલ્યાણપુર |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી : | વિ.એ.પી.પી.શ્રી જે. જે. રાઘવાણી |
| આરોપીપક્ષ | (૧) હાજાભાઈ ઉર્ફે હાથીયો રણમલભાઈ મોઢવાડીયા, ઉ.વ.૩૦, ધંધો–ખેતી, રહે.ડાંગરવડ ગામ, અકારીયા વાડી વિસ્તાર, તા.કલ્યાણપુર, (૨) પરબતભાઈ વસ્તાભાઈ મોઢવાડીયા, ઉ.વ.૫૪, ધંધો–ખેતી, રહે.ડાંગરવડ ગામ, અકારીયા વાડી વિસ્તાર, તા.કલ્યાણપુર, (૩) મીલનભાઈ પરબતભાઈ મોઢવાડીયા, ઉ.વ.૧૯, ધંધો–ખેતી, રહે.ડાંગરવડ ગામ, અકારીયા વાડી વિસ્તાર, તા.કલ્યાણપુર, (૪) હમીરભાઈ કરશનભાઈ મોઢવાડીયા, ઉ.વ.૭૧, ધંધો–ખેતી, રહે.આશીર્યાવદર ગામ, વાડી વિસ્તાર, તા.કલ્યાણપુર,જી.દેવભૂમિ દ્વારકા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી : | વિ.વ.શ્રી આર.એલ.વાઘેલા. |

**–:: નમુનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૩૦/૧૦/૨૦૨૪ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૩૧/૧૦/૨૦૨૪ |
| ચાર્જશીટની તારીખ | ૧૧/૦૩/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૦/૦૫/૨૦૨૫ |
| પુરાવો શરૂ થવાની તારીખ | ૧૭/૦૬/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | –– |
| ચુકાદાની તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

**–:: આરોપીઓની વિગત ::–**

| ક્રમ | આરોપીનું નામ | ઘરપકડ ની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ/ દોષ | કરવામા આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | હાજાભાઈ ઉર્ફે હાથીયો રણમલભાઈ મોઢવાડીયા | ૦૭/૧૧/ ૨૦૨૪ | ૦૭/૧૧/ ૨૦૨૪ | બી.એન.એસ. કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨,૫૪ તથા જી.પી.એક્ટ ની કલમ–૧૩૫(૧) મુજબ | નિર્દોષ | –– | –– |
| ૨ | પરબતભાઈ વસ્તાભાઈ મોઢવાડીયા | ૦૭/૧૧/ ૨૦૨૪ | ૦૭/૧૧/ ૨૦૨૪ | | નિર્દોષ | –– | –– |
| ૩ | મીલનભાઈ પરબતભાઈ મોઢવાડીયા | ૦૭/૧૧/ ૨૦૨૪ | ૦૭/૧૧/ ૨૦૨૪ | | નિર્દોષ | –– | –– |
| ૪ | હમીરભાઈ કરશનભાઈ મોઢવાડીયા | ૦૭/૧૧/ ૨૦૨૪ | ૦૭/૧૧/ ૨૦૨૪ | | નિર્દોષ | –– | –– |

**–:: નમુનો – ક ::–**

**અ. ફરીયાદપક્ષ તર્ફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | આંક–૧૨ | પંચ સાહેદ રણમલભાઈ ઉર્ફે દુળી નાથાભાઈ વાઘેલાની જુબાની |
| (૨) | આંક–૧૪ | પંચ સાહેદ લાખાભાઈ રામશીભાઈ કાગડીયાની જુબાની |
| (૩) | આંક–૧૯ | ફરીયાદી રામભાઈ અરજનભાઈ મોઢવાડીયાની જુબાની |
| (૪) | આંક–૨૧ | સાહેદ રાજુભાઈ બાબુભાઈ સોલંકીની જુબાની |
| (૫) | આંક–૨૩ | સાહેદ અરજણભાઈ વસ્તાભાઈ મોઢવાડીયાની જુબાની |
| (૬) | આંક–૨૪ | સાહેદ રામાભાઈ સામતભાઈ મોઢવાડીયાની જુબાની |
| (૭) | આંક–૨૫ | સાહેદ લીલુબેન અરજણભાઈ મોઢવાડીયાની જુબાની |
| (૮) | આંક–૨૬ | સાહેદ નાગાજણભાઈ નવઘણભાઈ કારાવદરાની જુબાની |
| (૯) | આંક–૨૭ | પંચ સાહેદ રમેશભાઈ મોહનભાઈ ગામીની જુબાની |
| (૧૦) | આંક–૩૩ | તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાની જુબાની |

**અ. ફરીયાદપક્ષ તર્ફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજોની વિગત |
|---|---|---|
| (૧) | આંક–૧૩ | ઓરોપીઓનું અટક પંચનામું |
| (૨) | આંક–૧૫ | બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું |
| (૩) | આંક–૨૦ | ફરિયાદ |
| (૪) | આંક–૩૪ | મે.ડી.એમ. સાહેબનું હથીયાર બંધીનું જાહેરનામું |
| (૫) | આંક–૩૫ | એમ. એલ. સી. સર્ટીફિકેટ |
| (૬) | આંક–૩૬ | એમ. એલ. સી. સર્ટીફિકેટ |

**–: ઠ રા વ :–**

**(૧)** **ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત:** ગઈ તા.૩૦/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૨૦:૩૦ વાગ્યે ડાંગરવડ ગામે ફરિયાદી–રામભાઈના ઘર પાછળ ટ્રેક્ટર રાખતાં ફરિયાદીના મોટા બાપુ સાથે ચાલવાના રસ્તા બાબતે એક

મહિના પહેલાં મનદુઃખ થયેલ જે મન દુઃખના કારણે ટ્રેકટર કેમ રસ્તામાં રાખેલ તેમ કહી આરોપીઓએ ફરિયાદી તથા તેના પિતાને ભુંડી ગાળો આપી ફરિયાદીના પિતાને ગેડીયા તથા લાકડી વડે હાથમાં શરીરે તથા ફરિયાદીના માતૃશ્રીને કમરના ભાગે તથા હાથમાં લાકડી વડે માર મારી ફરિયાદીના પિતાને જમણા હાથની કોણીમાં ફુટની ઇજા તથા શરીરે મુંઢ ઇજાઓ કરી આરોપીઓએ ગુન્હામાં એક બીજાની મદદગારી કરી મે.ડી.એમ. સાહેબના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબનો ગુન્હો કરેલ હોઈ, જે મતલબની ફરિયાદ ફરિયાદીએ આપતા તે અનુસંધાને કલ્યાણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નં.૧૧૧૮૫૦૦૩૨૪૧૩૩૧/ ૨૦૨૪ થી ગુનો દાખલ કરવામાં આવેલ.

ત્યાર બાદ, તપાસનીશ અમલદારે તપાસને અંતે આરોપીઓ વિરુધ્ધ પૂરતો પુરાવો હોવાનું જણાતા, બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨),૧૧૮(૧),૩૫૨,૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબ ના ગુના અંગેનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

(૨) સદરહું કામના આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થતાં,ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૨૩૦ મુજબ પોલિસ તપાસનાં કાગળોની નકલો વિના–મૂલ્યે પૂરા પાડવામાં આવેલ. અત્રેની અદાલત દ્વારા આરોપીઓ વિરુધ્ધનાં આક્ષેપિત ગુના અંગે આંક–૦૬ થી તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી સમજાવી આરોપીઓની અનુક્રમે આંક–૦૭ થી આંક–૧૦ સુધી પ્લી લેતાં, આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, સદરહું કામના આરોપીઓ વિરુધ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદપક્ષે નમુના(ક) માં દર્શાવ્યા મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

(૪) સદરહું કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતા, ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપીઓનું વિશેષ નિવેદન ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૩૫૧ અન્વયે નોંધવામાં આવેલ અને જેમાં આરોપીઓએ જણાવેલ છે કે તેઓ નિર્દોષ છે તે સિવાય આરોપીઓએ સોગંદ ઉપર કોઈ પુરાવો રજૂ કરેલ નથી કે આ કામે કોઈ બચાવના સાહેદ તપાસેલ નથી.

(૫) ત્યાર બાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી જે.જે.રાઘવાણી તથા આરોપીઓ તરફે વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) સદરહું કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છેઃ

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

૧. શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૩૦/૧૦/૨૦૨૪ ના રોજ કલાક ૨૦ઃ૩૦ વાગ્યે ડાંગરવડ ગામે ફરિયાદી–રામભાઈના ઘર પાછળ ટ્રેકટર રાખતાં ફરિયાદીના મોટા બાપુ સાથે ચાલવાના રસ્તા બાબતે એક મહિના પહેલાં મનદુઃખ થયેલ જે મન દુઃખ નાં કારણે ટ્રેકટર કેમ રસ્તામાં રાખેલ તેમ કહી આરોપીઓએ ફરિયાદી તથા તેના પિતાને ભુંડી ગાળો આપી ફરિયાદીના પિતાને ગેડીયા તથા લાકડી વડે હાથમાં શરીરે તથા ફરિયાદીના માતૃશ્રીને કમરના ભાગે તથા હાથમાં લાકડી વડે માર મારી ફરિયાદીના પિતાને જમણા હાથની કોણીમાં ફુટની ઈજા તથા શરીરે મુંઢ ઈજાઓ કરી આરોપીઓએ ગુન્હામાં એક બીજાની મદદગારી કરી મે.ડી.એમ. સાહેબના હથીયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૫૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫(૧) મુજબનો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાના નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છેઃ

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદા નં.૧ :–**

(૮) ક્રિમીનલ જસ્ટીસ ડીલેવરી સિસ્ટમ મુજબ ફરીયાદપક્ષે આરોપીઓ સામે મુકવામાં આવેલ તહોમત બીયોન્ડ રીઝનેબલ ડાઉટ યોગ્ય અને નિઃશંક પુરાવો રજુ કરીને પુરવાર કરવાનુ હોય છે. ટુંકમાં આરોપી દોષિત છે તેવો પુરતો અને વિશ્ર્વસનીય પુરાવો રજુ કરીને ફરીયાદપક્ષે પુરવાર કરવાનુ હોય છે. આરોપી નિર્દોષ છે તેવુ આરોપીઓએ પુરવાર કરવાનું હોતુ નથી. એમ કહી શકાય કે ફોજદારી મુકદમામાં આરોપીઓએ પોતાની નિર્દોષતા પુરવાર કરવાની હોતી નથી. કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ આરોપીઓને દોષિત ન ઠરાવવામાં આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા કરીને અદાલતે ચાલવાનું હોય છે અને નામદાર કોર્ટ ધ્વારા બાંધવામાં આવેલ આ અનુમાનનું ખંડન ફરીયાદપક્ષે યોગ્ય, પુરતો ને વિશ્ર્વસનીય પુરાવો રજુ કરીને કરવાનું હોય છે. ફરીયાદપક્ષના રજુ થયેલ પુરાવામાં એકાદ કડી પણ પુરવાર કરવાનું ફરીયાદપક્ષ ચુકે તો તેવી સ્થિતિનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર થાય છે અને તે સંજોગોમાં આરોપી દોષમુકિત અગર બેનીફીટ ઓફ ડાઉટ મેળવવા હકકદાર થાય છે.

(૯) ફરીયાદપક્ષે આરોપીઓનું અટક કર્યા અગેનું આંક–૧૩ વાળુ તથા બનાવવાળી સ્થાનિક જગ્યાનું આંક–૧૫ વાળુ પંચનામું સાબિત કરવા તપાસેલ પંચોએ માત્ર તેઓની સહીઓ ઓળખી બતાવેલ છે.પંચનામાની વિગતોને કોઈ જ સમર્થન આપેલ નથી.

(૧૦) ફરીયાદપક્ષે આંક–૧૯થી ફરીયાદી રામભાઈ અરજનભાઈ મોઢવાડીયા

ને તપાસવામાં આવેલ છે. તેઓના પુરાવા મુજબ આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ જેમાં ધકામુકીમાં પડી જવાથી થયેલ ઈજાની સારવાર રાવલ સરકારી દવાખાને લીધેલ હોવાનું જણાવી આંક–૨૦ થી પોતે આપેલી ફરીયાદ રજુ કરેલ છે. પરંતુ ફરીયાદ મુજબના બનાવ બાબતે કાંઈ જણાવતા નથી. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, **પોલીસમાં મેં સામાન્ય બોલાચાલીની ફરીયાદ આપેલ**. પોલીસે તૈયાર કરેલ ફરીયાદમાં મે સહી કરેલ. આરોપીઓએ કોઈ માર મારેલ નથી કે, જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી.

**(૧૧)** ફરીયાદપક્ષે આંક–૨૩ થી આંક–૨૫ થી તપાસેલ સાહેદોએ પણ ફરીયાદીની ફરીયાદના સમર્થનમાં કોઈ પુરાવો આપેલ નથી. પરંતુ આંક – ૨૬ થી સાહેદ નાગાજણભાઈ નવઘણભાઈ કારાવદરાના જણાવ્યા મુજબ બનાવ એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે તેઓ ઘરે હતા તે વખતે તેમને રામભાઈનો ફોન આવતા બનાવની જાણ થયેલી. આ બનાવમાં તેમના સસરા અરજણભાઈને આરોપીઓ સાથે મજુરને તેડવા જવાનું હોય, ટ્રેકટર રાખેલ હોય તે બાબતે બોલાચાલી થયેલી. તેમા તેમના સસરાને શરીરે ઈજાઓ થયેલી જેની સારવાર તેઓને રાવલ સરકારી દવાખાને લીધેલી, અને તેમના સાસુને પણ નાની મોટીઈજા થતા તેણે પણ રાવલ સરકારી દવાખાને સારવાર લીધેલી હોવાનો પુરાવો આપે છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, બનાવ મે નજરે જોયેલ નથી. બનાવ કેવી રીતે બનેલો તે હું જણાવી શકુ નહી.

**(૧૨)** ફરીયાદપક્ષે આંક–૩૩ થી તપાસ કરનાર અમલદાર એ.એસ.આઈ. ભીમશીભાઈ રામાભાઈ કાગડીયાને તપાસવામાં આવેલ છે. તેઓએ હાલના ગુન્હાની તેમના રૂબરૂની ફરીયાદ લઈ, ગુન્હો રજી. કરવા આપેલ અને ત્યારબાદ તેમને હાલના ગુન્હાની તપાસ મળતા,

તેઓએ હાલના ગુન્હાની તપાસ સંભાળી લઈ, બનાવવાળી સ્થાનિક જગ્યાનું પંચનામું કરી, લાગતા વળગતાં સાહેદોના નિવેદનો લીધેલા, આરોપીઓને ધોરણસર અટક કરી જામીન  પર મુકત કરેલા, તથા આરોપીઓ વિરુધ્ધના ચાર્જશીટ કરવા પુરતા પુરાવા મળતા ચાર્જશીટ કરેલ હોવાનો પુરાવો આપી આંક–૩૪ થી જાહેરનામુ તથા આંક–૩૫ અને આંક–૩૬ થી સાહેદોના મેડીકલ સર્ટી રજુ કરેલ છે. બચાવપક્ષ તરફે લેવામાં આવેલ ઊલટ તપાસ દરમિયાન એ મહત્વની હકીકતો સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે જયાં ખેડુતો તથા મજુરો કામ કરતાં હોય છે. આ કામે બનાવવાળી જગ્યાની આસપાસના ખેડુતો કે અન્ય તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલ નથી. અમોએ ફરીયાદીનું વિશેષ નિવેદન લીધેલ નથી. હાલના કામે સાહેદને લોહી નીકળેલ હોય અને કપડાં લોહી વાળા થયેલા હોય તો હાલના કામે તેવા લોહી વાળા કપડાં કબ્જે કરેલા નથી. ફરીયાદીએ તેની ફરીયાદમાં આરોપીઓએ કેવી ગાળો આપેલી તેવું સ્પષ્ટ જણાવેલું નથી.

**(૧૩)** ફોજદારી કાયદામાં, પંચની જુબાની કયારેક પ્રતિકુળ થઈ શકે છે અથવા ફરીયાદીના કેસને સમર્થન આપવામાં નિષ્ફળ થઈ શકે છે. જો કે, જો ફરીયાદી સહિત અન્ય વિશ્વસનીય સાક્ષીઓ, ફરીયાદપક્ષને સમર્થન આપતા સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય જુબાની પ્રદાન કરે, તો પણ પંચો ના સમર્થન વગર પણ કેસ સાબિત થઈ શકે છે. વડી અદાલતોએ તેમના ઘણા ચુકાદાઓમાં ઠેરાવ્યુ છે કે, પંચ સાક્ષીઓ પ્રતિકુળ થઈ જવાથી ફરીયાદપક્ષનો કેસ આપમેળે નબળો પડી જતો નથી, **પરંતુ શરત એ છે કે, અન્ય વિશ્વસનીય પુરાવા ઉપલબ્ધ હોવા જોઈએ.**

**(૧૪)** નામ. ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાઓમાં ઉપરોકત સિધ્ધાંતને ઠેરવેલ છે જેમાં, **Rameshbhai Mohanbhai Koli & Others v. State of Gujarat, (2011) 11 SCC 111** ના કેસમાં **નામ. ગુજરાત હાઈકોર્ટે** ઠેરવેલુ છે કે, "Merely because the panch witnesses

have not supported the prosecution case or turned hostile, the evidence of other reliable witnesses, including investigating officers or complainant, can be sufficient to convict the accused, provided the evidence inspires confidence and proves the case beyond reasonable doubt.”

**(૧૫)** આમ, પંચ સાહેદોનુ સમર્થન ઈચ્છનીય છે, પરંતુ જો રેકર્ડ પરના અન્ય પુરાવાઓ વિશ્વાસપાત્ર હોય તો તે પંચોના સમર્થન વગર પણ ફરીયાદીનો કેસ સાબિત થઈ શકે, જેથી તેનું સમર્થન દરેક વખતે જરૂરી પણ નથી. એવા સંજોગોમાં આરોપીને દોષમુકત કરી શકાય નહિ. પરંતુ કોર્ટે ફરીયાદપક્ષના કેસની વિશ્વસનીયતા અને પર્યાપ્તતા નકકી કરવા માટે તેના સંપુર્ણ પુરાવાને ચકાસવો જોઈએ તેવુ અત્રેની અદાલતનું માનવુ છે. વડી અદાલતોએ વારંવાર ઠેરાવેલ છે કે, ફરીયાદપક્ષનો બોજ દરેક સાક્ષી પર આધાર રાખીને, પરંતુ પુરાવાના સાકલ્યવાદી અને સુસં ગત સમુહને રજુ કરીને, વાજબી શંકાથી આગળના કેસને સાબિત કરવાનો છે. જો ફરીયાદીની જેમ અન્ય સાક્ષીઓની જુબાની વિશ્વસનીય, સુસંગત અને મોટા વિરોધાભાસોથી મુકત હોય, તો તે ઘણીવાર કેસ સાબિત કરવા માટે પુરતી માની શકાય છે. આમ, જયારે અન્ય નોંધપાત્ર પુરાવાઓ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતા હોય ત્યારે ફકત પંચો સમર્થન આપતા ન હોવાથી, ફરીયાદીનો સમગ્ર કેસ આપમેળે ખરાબ થઈ જતો નથી. પરંતુ હાલના કેસમાં ફરીયાદીના કેસને અન્ય તટસ્થ પુરાવાઓનું સમર્થન મળતુ નથી, જેથી હાલના કામે પંચોનું હોસ્ટાઈલ થવુ એ પણ ફરીયાદપક્ષના કેસ માટે ઘાતક જ છે. આમ, પંચનામાનાઓ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(૧૬)** વધુમાં, ફરીયાદી સહિત અન્ય તમામ સ્વતંત્ર સાહેદોએ પોલીસ રૂબરૂના નિવેદનો તથા ફરીયાદીની ફરીયાદ કરતાં તદૃન વિરોધાભાસી જુબાનીઓ

આપેલ છે. હાલના તબકકે **Pawan Kumar @ Monu Mittal v. State of Uttar Pradesh (2015) 7 SCC 148** માં નામ. સુપ્રિમ કોર્ટે આપેલ લેન્ડમાર્ક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ટાંકવો જરૂરી લાગે છે. સદરહુ કેસમાં, નામ. સુપ્રિમ કોર્ટે ઠેરાવ્યુ કે, "minor contradictions in witness testimony do not necessarily weaken the prosecution's case, but major contradictions that go to the root of the matter may raise reasonable doubt sufficient to defeat it.." વધુમાં, **Anwar @ Bhurga v. State of Uttar Pradesh (2023) 3 SCC 123** માં **નામ. સુપ્રિમ કોર્ટે** અવલોકન કરેલ છે કે, "significant discrepancies in the prosecution's evidence—especially the complainant's testimony—can create reasonable doubt and lead to acquittal if the case is not proved beyond a reasonable doubt."

(૧૭) ફોજદારી કેસોમાં પોલીસને આપેલા નિવેદનો અને કોર્ટમાં સોગંદ પર આપેલ જુબાની વચ્ચેની વિસંગતતા ફરીયાદી અથવા સાક્ષીની વિશ્ર્વસનીયતા માટે હાનિકારક છે. નાની અસંગતતાઓ અને ભૌતિક વિરોધાભાસ વચ્ચે તફાવત છે. એવા નિવેદનો કે જે કથિત ગુન્હાના મુળ સુધી જાય છે જેમ કે, આરોપીની ઓળખ અથવા હુમલાની વિશિષ્ટતાઓ ખુબ જ મહત્વપૂર્ણ છે. વધુમાં, જયારે ફરીયાદી તથા અન્ય સાહેદો ખુબ જ અલગ પુરાવો આપતા હોય તે વખતે ફરીયાદપક્ષ ઉપર શંકાઓ ઉભી થાય છે. આમ, ફરીયાદપક્ષે તમામ સાહેદો ફરીયાદીના સગા સંબંધીઓ છે, તેમ છતાં ફરીયાદીની ફરીયાદ મુજબનો કોઈ પુરાવો આપતા નથી. હાલના કામે તપાસ કરનાર અધિકારીશ્રીએ સ્વતંત્ર સાહેદોના કે બનાવ નજરે જોનાર કોઈ વ્યકિતઓના નિવેદનો લીધેલ નથી. હાલના તમામ સાહેદોની

જુબાનીઓમાં મોટા વિરોધાભાસ આવતા હોય, તેમની જુબાનીઓમાં કોઈ સાતત્ય જળવાતુ ન હોઈ, આરોપી વિરુધ્ધ આઈ. પી. સી. કલમ–૩૨૩, ૩૨૪, જી. પી. એકટ કલમ – ૧૩૫ (૧) મુજબનો ગુન્હો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે.

**(૧૮)** વધુમાં, ફરીયાદપક્ષે આ કામે આરોપીઓ ઉપર બી.એન. એસ. કલમ–૩૫૨ જે જુની આઈ.પી.સી. કલમ–૫૦૪ મુજબના આક્ષેપો કરેલા છે, જે સંબંધે આરોપો સિધ્ધ કરવા માટે ફરીયાદીએ ચોકકસ તત્વો સ્થાપિત કરવા આવશ્યક છે. આ કલમ શાંતિના ભંગને ઉશ્કેરવાના હેતુથી ઈરાદાપૂર્વકના અપમાનને સંબોધે છે. આ કલમ સાબિત કરવા માટે આરોપીઓએ ઈરાદાપૂર્વક ફરીયાદીને ઉશ્કેરવાના ઉદેશ્ય સાથે અપમાન કરેલુ હોય અને તેના લીધે જાહેર શાંતિનો ભંગ થયેલો હોવો જોઈએ. **Madhushree Datta v. State of Karnataka, 2025 INSC 105** ના કેસમાં **નામ. સુપ્રિમ કોર્ટે** ઠેરાવ્યુ કે, "mere use of abusive or insulting language without the intention or likelihood to provoke a breach of peace or cause public disorder does not fulfill the essential ingredients of Section 504."

**(૧૯)** હાલના કેસમાં, ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ બી.એન.એસ. કલમ–૩૫૨ અંતર્ગત આરોપીઓને તકસીરવાન ઠેરાવવા માટે જે પ્રકારનો પુરાવો આવશ્યક છે તે ફરીયાદપક્ષ રેકર્ડ પર વાજબી રીતે પુરો પાડી શકેલ નથી. આમ, આ આવશ્યક તત્વો સ્થાપિત થયેલ ન હોવાથી સદર કલમ હેઠળના આરોપ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે.

**(૨૦)** ઉપરોકત ચર્ચા મુજબ આરોપી સામેના આક્ષેપો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોઈ, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

**–:: આખરી હુકમ ::–**

(૧) આથી, મથાળે આરોપીઓની વિગતમાં લખ્યા આરોપીઓને બી.એન.એસ.ની કલમ–૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫(૧) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદરહું કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવો.

(૩) સદરહું કામે આરોપીઓએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/– (પાંચ હજાર પુરા) ના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ–૧૭, માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૭/૦૪/૨૦૨૬.**
**કલ્યાણપુર.**

**(અલ્પા પ્રભુદાસ કડીવાર)**
**GJ-01554**
**જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**તા. કલ્યાણપુર જી. દેવભુમિદ્વારકા.**